


સેક્ટર-૧૧ શાલીન કોમ્પ્લેક્ષનાં પાછળનાં મેદાનમાં ૬૭માં સ્વાતંત્ર દિનની તૈયારીને આખરી ઓપ અપાઈ રહ્યો છે તે પ્રસંગની તસવીર.

# નકલી નોટો ગાંધીનગર પહોંચાડનાર વેસ્ટ બંગાળનો સુત્રધાર ઝડપાયો

## દહેગામની કરીયાણાની દુકાને રૂ. ૭ હજારની નકલી નોટો વટાવવા ગયેલા શખ્સ પાસેથી કડી મળી હતી : એસઓજીએ ધરપકડ કરી

ગાંધીનગર, તા.૧૩

દહેગામની એક કરીયાણાની દુકાને ૧ હજારની નોટો લઈને કરીયાણું ખરીદવા પહોંચેલા યુવાન શખ્સને દુકાનદારે શંકાને આધારે પકડીને પોલીસ બોલાવી હતી. નોટો નકલી હોવાનું ખુલતા ગાંધીનગર એસઓજીને સમગ્ર ઘટનાની તપાસ સોંપવામાં આવી હતી. જેમાં વેસ્ટ બંગાળ કનેકશન ખુલતા એસઓજીની ટીમ તપાસ માટે જઈ આવી હતી દરમિયાન ગઈ કાલે એસઓજી વેસ્ટ બંગાળના મુખ્ય સુત્રધારને ત્યાંથી ઉઠાવી લાવી છે અને ધરપકડ કરીને સઘન પુછપરછ શરુ કરી છે વેસ્ટ બંગાળના માલદા જિલ્લાનો આ શખ્સ ત્યાં આર્મ્સ એકટના ગુનામાં પકડાયો હતો.

નકલી નોટો ગાંધીનગર જિલ્લાના દહેગામ વિસ્તારમાં ફરતી કરવાના પ્રકરણમાં અગાઉ ૭ હજારની નકલી નોટો સાથે ૧૮ વર્ષનો કુરબાન નામનો શખ્સ પકડાયો હતો. એસ.ઓ.જી. પી.આઈ. બી.એ. ચાવડાએ સમગ્ર કેસની તપાસ કરતાં વેસ્ટ બંગાળથી નકલી નોટો આવી હોવાનું ખુલ્યું હતું જેની ઊંડી તપાસ માટે પીએસઆઈ એ.આર. મોડીયા તેમની ટીમ સાથે વેસ્ટ બંગાળ ખાતે આરોપીને લઈને જઈ આવ્યા હતાં. દરમિયાન ગઈ કાલે મુખ્ય સુત્રધાર ફરીદ ઉર્ફે ડુબ્બુ શેખને વેસ્ટ બંગાળથી એસઓજીની ટીમ ઉઠાવી લાવી હતી. આર્મ્સ એકટના ગુનામાં પકડાયેલા ડુબ્બુને રાજય બહારથી ટ્રાન્સફર વોરંટને આધારે એસઓજીની ટીમ લઈ આવી છે અને રીમાન્ડ મેળવા તજવીજ શરુ કરી નકલી નોટોના મુળ સુધી પહોંચવા તપાસ આરંભી છે મળતી વિગત મુજબ ફરીદ ઉર્ફે ડુબ્બુનો મોટો ભાઈ નકલી નોટો છાપવાના ગુનામાં પકડાયેલો છે અને તે ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. એસઓજીએ સઘન પુછપરછ આરંભી છે.

# છાલા પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મૃત્યુ

## બાઈકનો કચ્ચરઘાણ : આરોપીની કાર દોઢ કિ.મી. દુર જઈને બંધ પડી જતાં કાર મુકીને ચાલક ફરાર : બાઈકચાલકના બંને પગમાં ગંભીર ઈજા



ગાંધીનગર, તા.૧૩

ચિલોડા-હિંમતનગર હાઈવે પર સડસડાટ જતી સેન્ટ્રો કારના ચાલકે છાલા પાસે એક બાઈકને જબરદસ્ત રીતે અડફેટે લીધું હતું. બાઈક પર સવાર બે વ્યકિતઓ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા જેમાં એકનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે બીજાને ગંભીર હાલતમાં એપોલો હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે. કાર ચાલક અકસ્માત સર્જીને કાર લઈને ભાગ્યો હતો પરંતુ દોઢ કિ.મી. દુર તેની કાર અચાનક બંધ પડી જતા કાર મુકીને આરોપી ફરાર થઈ ગયો હતો. ચિલોડા પોલીસે કાર ચાલક વિરુધ્ધ ગુનો દાખલ કરીને તેની શોધખોળ શરુ કરી છે ઉલ્લેખનીય છે કે બાઈકના તો ફુરચા ઉડી ગયા હતાં.

છાલા ગામના અગ્રણી ૬૨ વર્ષીય ભાજપના આગેવાન મણીભાઈ મોતીભાઈ દેસાઈ અને ૪૨ વર્ષીય રામજીભાઈ હરીભાઈ પટેલ બંને બાઈક લઈને નીકળ્યા હતા. હાઈવે પર બાઈક લઈને ચઢયા તે જ વખતે બેફામ ગતિએ નીકળેલી સેન્ટ્રો ગાડી નં. જીજે ૧૮ એ.એચ. ૯૯૫૧ના ચાલકે બાઈકને અડફેટે લઈ લીધું હતું. બાઈક ચલાવી રહેલા રામજીભાઈ અને પાછળ બેસેલા મણીભાઈ ફંગોળાઈને રોડ પર પટકાયા હતાં. જેમાં મણીભાઈનું ઘટના સ્થળ પર કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે રામજીભાઈના બંને પગે ફ્રેકચર થઈ ગયું છે અને એપોલો હોસ્પિટલમાં દાખલ છે. બાઈકને અકસ્માત કરીને કાર સાથે ભાગેલા શખ્સની કાર દોઢ કિમી દુર જઈને બંધ પડી ગઈ હતી જેને કારણે આરોપી ચાલક કાર મુકીને ફરાર થઈ ગયો હતો. ચિલોડા પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી આરોપીને પકડી પાડવા તજવીજ શરુ કરી દીધી છે.

# જિલ્લાના સરઢવ, રૂપાલ, વાસન, ઉનાવા ગામને અવાર-નવાર સતાવતો વિજળીનો પ્રશ્ન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા આમ તો જયોતિગ્રામ યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા વારંવાર કહેવામાં આવે છે રાજયનું એક પણ ગામ ૨૪ કલાક લાઈટ વગરનું નથી. આ સંપૂર્ણ વાત સાચી પણ છે પરંતુ કલોલ તાલુકાના નારદીપુરના ૬૬ કે.વી. સબ સ્ટેશનથી ગાંધીનગર તાલુકાના સરઢવ, રૂપાલ, વાસન અને ઉનાવા ગામને વિજળી સપ્લાય કરવામાં આવે છે. પરંતુ આ લાઈન ખુબ લાંબી હોવાથી વારંવાર ગામના લોકોને સહન કરવાનો વારો આવે છે. કારણ કે લાઈન એક જ હોવાથી જો સરઢવ ગામમાં વિજળી બંધ થાય તો બાકીના ત્રણ ગામને પણ અંધારું ભોગવવાનો વારો આવે છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ, રૂપાલ, વાસન અને ઉનાવા ગામે ગત રોજ સાંજના ૭ વાગ્યાથી વિજળી ગુલ થઈ હતી તે રાત્રે ૯.૩૦ વાગે આવી અને રાત્રીના ૧ વાગ્યાથી વિજળી અવારનવાર આવ-જા થતી હતી. સમગ્ર પ્રકરણના કારણે ચારેય ચારેય ગામની પ્રજા હેરાન પરેશાન થઈ ગઈ હતી. ચોમાસાની સિઝનમાં આ બનાવ આમ તો સામાન્ય કહેવાય પરંતુ વગર વરસાદે આવું થાય તે માટે યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓ આ મામલે ચોકકસ ઘટતું કરે અને આવું ના બને તે માટે ચારેય ગામને કાયમી રસ્તો નીકળે તે માટેની માંગ ઉઠવા પામી હતી.



રામધામ વાવોલ ખાતે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન બપોરે ૩.૩૦ થી સાંજે ૬ કલાક દરમિયાન મહંતશ્રી મધુસૂદનદાસજી બાપુ ભાગવત કથાનું વાંચન કરે છે અને રોજ હિંડોળાનાં દર્શનનો લાભ શ્રદ્ધાળુઓ લઈ રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)



વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર દ્વારા દર વર્ષે શ્રાવણ માસમાં શિવ મહિમ્ન સ્ત્રોતનું પરિવારના સભ્યોઓને ત્યાં યોજાય છે. શ્રાવણ માસના પ્રથમ સોમવારે જ્ઞાતિ બુઝર્ગ અગ્રણી વાસુદેવભાઈ લક્ષ્મીશંકર પંડ્યાને ત્યાં યોજાયેલ હતો.

## સિ.સિ.કા. દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર અને સહયોગ મંડળ, વૈજનાથ યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે ૧૫મી ઓગષ્ટ-૨૦૧૩ને ગુરૂવારે સવારે ૮.૩૦થી ૧૨ વાગ્યા દરમિયાન રક્તદાન કેમ્પ યોજાશે.

આરોગ્ય સમિતિના ચેરમેન રસિકભાઈ ગાંધીએ આ પ્રસંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, ગાંધીનગરના સિ.સિ.કા., સહયોગ મંડળ અને વૈજનાથ મહાદેવ યુવક મંડળના સભ્યોના સહયોગથી સ્વાતંત્ર્ય પર્વના દિને વૈજનાથ મહાદેવ મંદિર, સેક્ટર-૨૧, ગાંધીનગરમાં રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો છે. રક્તદાતાઓને રક્તદાન માટે સહયોગી સંસ્થાઓ દ્વારા ખાસ જણાવવામાં આવ્યું છે.

### તેજ આઈ સેન્ટર દ્વારા

# સ્વાતંત્ર્ય દિને કલોલ ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૧૩

ભારતના સ્વાતંત્ર્ય દિનની ગાંધીનગરના કલોલ ખાતે જિલ્લાકક્ષાની ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે ગાંધીનગર તેજ આઈ સેન્ટર દ્વારા ૧૫મી ઓગસ્ટે કલોલમાં નવી શાખાનું ઉદઘાટન કરવામાં આવી રહ્યું છે.

ઉદઘાટન પ્રસંગે અને સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ફ્રી આઈ ચેક અપ કેમ્પનું લાયન્સ કલબ અને જિલ્લા પંચાયતના આરોગ્ય શાખા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આંખ રોગના નિષ્ણાંત ડૉ.તેજલ દલાલ દ્વારા તેજ આઈ સેન્ટર, ૩-એ, ત્રીજો માળ, ડોકટર હાઉસ, સરદાર બાગ પાસે, વર્ધમાન નગર, કલોલ ખાતે ગુરુવારે સવારે ૧૦.૩૦ થી ૧.૩૦ કલાક સુધી નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે. આકેમ્પનો શુભારંભ ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી બી.જે. ભટ્ટ કરાવશે. જયારે આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્ય, આંતરરાષ્ટ્રીય લાયન્સ કલબના પાસ્ટ ડિસ્ટ્રીકટ ગવર્નર ભરતભાઈ રાવ તેમજ કલોલ બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. એચ.જે. પ્રજાપતિ સહિત અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

# ૯૦ વારના પ્લૉટમાં ૪૦ છોડવાનું જતન

(કશ્યપ નિમાવત દ્વારા) ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર ગ્રીન સિટી તરીકે ઓળખાય છે એ વાત હવે નવી નથી. પરંતુ અહીં ધીમે ધીમે વધતા જતા નવા ડેવલપમેન્ટને કારણે વૃક્ષોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. તેવા સમયે સૅક્ટર-૬ બીમાં રહેતા અને મધુર ડેરીમાં મૅનેજર (હ્યુમન રિસોર્સ, ઍડમીન) તરીકે ફરજ બજાવતા



જયંતિલાલ વઘાસિયા અને એમનાં પત્ની નલિનીબેને ઘરમાં જ બગીચો બનાવીને હરિયાળીને જાળવવાનો સુંદર પ્રયાસ કર્યો છે.

૧૯૯૪થી સૅક્ટર-૬માં વસતા વઘાસિયા દંપતિને પહેલેથી જ બાગ-બગીચાનો બહુ શોખ, જેને બંનેએ કેળવ્યો અને તેના પરિણામે આજે તેમના બગીચામાં બાવીસ જાતના વિશિષ્ટ છોડ ન માત્ર શોભી રહ્યા છે પરંતુ સારી રીતે ઉછરી પણ રહ્યા છે. આ છોડમાં એરેલીના,

> **સૅક્ટર-૬ બીમાં વસતા નલિનીબેન-જયંતિભાઈ વઘાસીયાએ પોતાના નાનકડા ઘરમાં જ બગીચો વિકસાવી અન્યને ઉદાહરણ પુરું પાડ્યું છે**

સાયકસ, સેવન, તુલસી, પારિજાત, ટેબલ પાન, વ્હાઈટ કોરેલા, ગ્રીન કોરેલા, બૉટલ પામ, બૉટલ લેરીયા, ડ્રાઈકસ, મની પ્લાન્ટ, ઍલોવેરા, રબર પ્લાન્ટ, બ્રાઉન બટ, ક્રિસમસ ટ્રી, અજમો, રેડ કેકટસ, ડોડી, રેડ ક્રોટોન, બ્રાઉન ક્રોટોન, બીટરૂટ, ગુલાબ, ઑફિસ ફલાવર, ઑફિસ વેલ અને જિનીયાનો સમાવેશ થાય છે. આ બધા છોડ તેમણે કુંડામાં ઉછેર્યા છે. ઉપરાંત, આસોપાલવ, કરેણ, લીંબુડી, રજનીગંધા, આંબળા જેવાં વૃક્ષોને પોતાના ઘરની નજીક ઉછેર્યાં છે.

પ્રકૃતિપ્રેમી દંપતિનો હરિયાળીનો શૉખ આટલેથી અટકતો નથી. તેમણે પોતાતના ઘરના ધાબા ઉપર પણ ટૅરેસ ગાર્ડન વિકસાવ્યું છે, જેમાં રીંગણ, ભીંડા, દૂધી, તુરિયા જેવાં શાકભાજી ઋતુ પ્રમાણે ઉગાડે છે. બધા મળીને ૪૦ જેટલા નાના-મોટા છોડ તેમના આંગણે ઉછરી રહ્યા છે.

આવો શોખ ખર્ચાળ હોય એ સમજી શકાય એમ છે. પણ જયંતિલાલ-નલિનીબેનને એ વાતની પરવા નથી. એમને તો પ્રકૃતિ સાથે રહેવા મળે છે એ વાતનો વિશેષ આનંદ છે.

પોતાના આ વિશિષ્ટ બગીચાની સંભાળ માટે દંપતિ દરરોજ સવારે અડધો કલાક અને રજાના દિવસોમાં બેથી ત્રણ કલાકનો સમય ફાળવે છે. જયંતિભાઈ જણાવે છે કે પોતાના આ શોખને કારણે પર્યાવરણની સમતુલા જાળવવાનો અને કુદરતનું ઋણ ચૂકવવાનો અવસર મળે છે.

નલિનીબેનના મતે આ શોખથી તેમને ઘરમાંથી જ ઉપયોગી આયુર્વેદિક ઔષધિઓ મળી રહે છે અને ઘરનું વાતાવરણ હરિયાળીને કારણે હંમેશા તાજગીસભર લાગે છે. છોડની સારસંભાળ માટે શારીરિક શ્રમ કરવાથી દરરોજ કસરત પણ થઈ જાય છે, જેના કારણે શરીર પણ સ્વસ્થ રહે છે અને રંગબેરંગી છોડવાઓ જોઈને રોજ આંખો પણ ઠરે છે એ નફામાં.



'આજના ઝડપી યુગમાં સમયનો અભાવ છે' એવું જણાવીને આજનો માનવી જ્યારે પ્રકૃતિની સંભાળથી દૂર થઈ રહ્યો છે ત્યારે જયંતિભાઈ અને નલિનીબેને પોતાના ૯૦ મીટરના ઘરની નાની જગ્યામાં પણ સુંદર ગાર્ડનીંગ કરીને અન્ય માટે ઉદાહરણ પુરું પાડ્યું છે. 'કદમ અસ્થિર છે જેના એને રસ્તો જડતો નથી ને અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી' એ ઉક્તિ આવે સમયે યાદ આવે છે. સલામ છે આ પ્રકૃતિપ્રેમી દંપતિને.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૨
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૮૮ ટકા
વરસાદ ૨.૫ મી.મી.

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્કીન-૨ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૮.૪૫, ૧૧.૪૫, ૨.૪૫, ૫.૪૫, ૮.૪૫
: સ્કીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્કીન-૪ :
ચેન્નાઈએક્ષપ્રેસ : ૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

### સૂર્યા, વાવોલ

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મહાવીરાય નમો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૪૫, ૧૦.૧૫
: સ્કીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૧૦.૧૫, ૧.૪૫, ૮.૦૦
બી.એ. પાસ : ૫.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦
: સ્કીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૧૫, ૧૦.૪૫

### ચિરાગ, કલોલ

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે સફેદ ઘટાના હિંડોળા
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે અશોકભાઈ પંડ્યાના નિવાસ સ્થાન બ્લોક નં. ૧૧૫/૧, છ- ટાઈપ ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના.
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે અમિતભાઈ ભટ્ટના નિવાસ સ્થાન ૧૧/૪, છ- ટાઈપ, પંચશીલ પાર્ક સામે શિવ મહિમ્ન પાઠ.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે કિશોર ત્રિવેદીના નિવાસ સ્થાન ૧૧૫૭, સેકટર-૩/ડી,ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.
- શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર, વાવોલ ખાતે મંહત મધુસૂદનદાસજી બાપુના સાંનિધ્યમાં ભાગવત કથા અને તાંબા, પિતળ, સ્ટીલ વાસણોના હિંડોળા

## આપની આજ

**મેષ** : મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

**વૃષભ** : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**સિંહ** : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા** : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે.

**તુલા** : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

**ધન** : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

**કુંભ** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે.

**મીન** : આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. હરખાભાઈ તુલસીભાઈ પરમાર (ઉ.વ.૮૦) મુ.પો. દેલવાડ, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. મીનાબેન હરીભાઈ ભાવસાર (ઉ.વ.૫૦) મુ.પો. દોલારા વાસણા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સોમાજી જોરાજી ઠાકોર (ઉ.વ.૯૫) મુ.પો. બાસણા ચૌધરી, તા.દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. પૂરીબેન ભારાજી ઠાકોર (ઉ.વ.૫૫) મુ.પો. બાલવા, તા.કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. ઉર્મિલા દેવી (ઉ.વ.૭૮) ક્વૉટર નં. ૨૦૮, ટાઈપ-જી, સી.આર.પી.ઍફ. કોલોની, ચિલોડા રોડ, ગાંધીનગર.
- સ્વ. રામાજીભાઈ હીરાભાઈ પરમાર (ઉ.વ.૬૬) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર